[illegible] તા. ૧૫/૬/૦૯

# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં.૫૨ (વેડ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.

### અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના)નો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ (૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : તાપી નદી

દક્ષિણે : મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૫૧ (ડભોલી)ની હદ તથા મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૩૫ (કતારગામ)ની હદ

પૂર્વે : મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૫૦ (વેડ-કતારગામ)ની હદ

પશ્ચિમે : તાપી નદી

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજપત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધી થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશનર, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધા યોગ્ય જણાયે ધ્યાને લેશે.

કમિશનર
સુરત મહાનગરપાલિકા

સુરત
તા.૧૩-૬-૦૯

**ઠરાવઃ-**

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૯-૬-૨૦૦૯ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૭-૨-૨૦૦૯ના પત્ર નં.ટીપીઓ/૮/૭૧ થી વિદિત થઈ, નોર્થ ઝોન વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૨ (વેડ)ને ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૨ (૧) મુજબ યોજનાનો મુસદ્દો સરકારી રાજપત્રમાં તથા બે સ્થાનિક દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર જાહેર જનતા પાસેથી વાંધા/સુચનો મેળવવા તથા આવેલ વાંધા/સુચનો ધ્યાને લઈ ઉપરોક્ત કાયદાની જોગવાઈઓ મુજબ સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૨ (વેડ)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૨ (૧) મુજબ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવા મંજુરી આપવાનું તથા તેને આનુષાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

નં.પીઆરસી /૧૨૭/૨૦૦૯-૦૭
તા.૧૪-૬-૦૯ ઠરાવ નં.૩૦/૨૦૦૯ સર્વાનુમતે મંજુર

ગુજરાતમિત્ર તા. ૧૫/૬/૦૬

# સુરત મહાનગરપાલિકા

## નગરરચના યોજના, સુરત નં. ૫૨ (વેડ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.

## અધિસુચનં

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના)નો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : તાપી નદી

દક્ષિણે : મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૧ (ડભોલી)ની હદ તથા મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૩૫ (કતારગામ)ની હદ

પૂર્વે : મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૦ (વેડ-કતારગામ)ની હદ

પશ્ચિમે : તાપી નદી.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધી થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધા યોગ્ય જણાયે ધ્યાને લેશે.

સુરત
તા. ૧૩/૦૬/૨૦૦૬

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

**ઠરાવ :-**

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૦૯/૦૬/૨૦૦૬ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ૧૭/૦૨/૨૦૦૬ના પત્ર નં:સામાસ/૮/૪૧ થી વિદિત થઈ, નાથ ઝોન વિસ્તારમા મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૨ (વેડ)ને ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૨(૧) મુજબ યોજનાનો મુસદ્દો સરકારી રાજ્યપત્રમાં તથા બે સ્થાનિક દૈનિકપત્રોમા પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો પ્રસિધ્ધ કર્યાની તારીખથી ૩૦ દિવસની અંદર જાહેર જનતા પાસેથી વાંધા/સુચનો મેળવવા તથા મળેલ વાંધા/સુચનો ધ્યાને લઈ ઉપરોક્ત કાયદાની જોગવાઈઓ મુજબ સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫૨ (વેડ)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૨(૧) મુજબ પ્રસિધ્ધ કર્યાની કાર્યવાહી કરવા મંજુરી આપવાનું તથા તેને આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં. ૩૦/૨૦૦૬ સર્વાનુમતે મંજુર</u>

નં. પીઆરઓ/૧૨૭/૨૦૦૬-૦૭
તા. ૧૪/૬/૦૬.